ગુજરાત સરકાર

# ૫ વર્ષ આપણી સરકારના





## સૌના સાથથી, સૌના વિકાસના

**વિકાસ દિવસ**

## આધુનિક ગુજરાત, વિશ્વસ્તરીય વિકાસ



### રિન્યુએબલ એનર્જીનું હબ ગુજરાત

- વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક ખાવડા ખાતે ગુજરાતમાં
- દેશમાં ઈન્સ્ટોલ થયેલા કુલ સોલાર રૂફટોપમાં ૯૦% ઈન્સ્ટોલેશન સાથે નંબર ૧ ગુજરાત, ૨.૬૬ લાખ લોકોએ લગાવી સોલાર રૂફટોપ સિસ્ટમ,જે ૧૦૦૦ MW વીજળીનું ઉત્પાદન કરે છે
- ગુજરાતમાં અત્યારે ૧૩,૦૦૦ MW રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન થઈ રહ્યું છે. ૨૦૨૫ સુધીમાં તેને ૪૧,૦૦૦ MW કરવામાં આવશે



### સતત છેલ્લા ૪ વર્ષથી સૌથી વધુ વિદેશી રોકાણ ગુજરાતમાં

- રાજ્યમાં ૩૦ લાખ MSME કાર્યરત, જેમાં મળી રહ્યો છે ૧.૫૦ કરોડ લોકોને રોજગાર
- MSMEમાં પહેલા પ્રોડક્શન પછી પરમિશનની નીતિ
- કોરોનાની મહામારી હોવા છતાં એપ્રિલ ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૧ દરમિયાન ભારતમાં આવેલા કુલ FDI માંથી ૩૭% એટલે ૧.૬૨ લાખ કરોડ ગુજરાતમાં આવ્યું



### ગિફ્ટ સિટી

- ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓનું કેન્દ્ર (IFSC) ગિફ્ટ સિટી ખાતે કાર્યરત
- ભારતના મોડલ સ્માર્ટ સિટી તરીકેની ઓળખ પ્રાપ્ત કરનાર પહેલુ સ્માર્ટ સિટી
- ભારતનું પહેલું આંતરરાષ્ટ્રીય સ્ટોક એક્સચેન્જ ગિફ્ટ સિટી ખાતે કાર્યરત

## વર્લ્ડ કલાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુજરાતમાં




દુનિયાની સૌથી મોટી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા ખાતે



દુનિયાનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ ગુજરાતમાં



વિશ્વનું સૌથી મોટું કોમર્શિયલ કોમ્પ્લેક્ષ ડાયમંડ બુર્સ સુરતમાં



૧૨૧ એકરથી વધુ વિસ્તારમાં કાર્યરત સિવિલ હોસ્પિટલ થી લઈને સુપર હોસ્પિટલ સુપર સ્પેશ્યિાલીટી હોસ્પિટલોનું સંકુલઃ મેડીસિટી હોસ્પિટલ




દુનિયાનું મેન્યુફેક્ચરિંગ હબ બનવાની દિશામાં ગુજરાતનો પ્રયાસ

- અમદાવાદ અને સુરત ખાતે મેટ્રોનું નિર્માણ
- રાજ્યમાં ૭૦ માળ સુધીની ગગનચૂંબી ઈમારતોના નિર્માણને મંજૂરી
- છેલ્લા ૫ વર્ષમાં ૫૦૦થી વધુ ઓવરબ્રિજનું નિર્માણ
- છેલ્લા ૫ વર્ષમાં ૪૨૫ TP સ્કીમોને મંજૂરી આપી
- દેશમાં સ્વચ્છતામાં ટોપ ૧૦ શહેરોમાં ગુજરાતના ૪ શહેરો
- ઈઝ ઓફ લિવિંગમાં ગુજરાતના ૩ શહેરો ટોપ-૧૦ માં
- સ્માર્ટ સિટીમાં સુરત નંબર ૧
- હાઈસ્પીડ ઓપ્ટિકલ ફાઈબર દ્વારા ગુજરાતના ૧૦,૦૦૦ ગામોને બ્રોડબેન્ડ કનેક્ટીવિટીથી જોડવામાં આવ્યા

**શ્રી અમિતભાઈ શાહ** સાંસદ, ગાંધીનગર લોકસભા તેમજ કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી, ભારત સરકારના વરદ્ હસ્તે તેમજ **મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી** અને **શ્રી નીતિન ગડકરી** કેન્દ્રિય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીની ઉપસ્થિતિમાં મા.મ. વિભાગના રૂ.૧૬૫૦ કરોડના કુલ કામો સહિત વિવિધ વિભાગોના કુલ રૂ.૫૩૦૦ કરોડના વિકાસ કાર્યોના લોકાર્પણ તેમજ ખાતમુહૂર્તના કાર્યક્રમ તેમજ **વતન પ્રેમ યોજનાના પોર્ટલનો** શુભારંભ

### વિશેષ ઉપસ્થિતિ

**શ્રી નીતિનભાઈ પટેલ**, નાયબ મુખ્યમંત્રી

**શ્રી સી.આર. પાટીલ**, સંસદ સભ્ય

તા.: ૦૭-૦૮-૨૦૨૧, સવારે ૧૦:૦૦ કલાકે, સ્થળઃ મહાત્મા મંદિર, ગાંધીનગર

આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શ્રેષ્ઠ ઔદ્યોગિક પોલિસી, ઓનલાઈન ગવર્નન્સ અને કૃષિ ઉત્પાદનમાં અગ્રેસર રહી છેવાડાના માનવીનો વિકાસ કરી ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. આપણને સૌને ગૌરવ છે. -**શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પાંચ વર્ષ આપણી સરકારના, સૌના સાથથી સૌના વિકાસના

# રોજગાર દિવસ નિમિત્તે કૃષિ રાજ્યમંત્રી જયદ્રથસિંહ પરમારના હસ્તે યુવાનોને રોજગાર નિમણૂંકપત્રો એનાયત કરાયા

ગોધરા,

સર્વાંગી વિકાસના સંકલ્પ સાથે સમાજના તમામ વર્ગોના ઉત્થાન માટે કટીબદ્ધ રાજ્ય સરકારના કાર્યકાળનાં પાંચ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આજે રોજગાર દિવસ અંતર્ગત સરદારનગર, ખંડ ખાતે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના અદ્યક્ષ કૃષિ, પંચાયત અને પર્યાવરણ રાજ્યમંત્રી જયદ્રથસિંહ પરમારના વરદહસ્તે રોજગારવાંચ્છુઓને રોજગાર નિમણૂંકપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્ટેજ પરથી પ્રતીકાત્મક સ્વરૂપે ૧૧ અને



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

જિલ્લામાં કુલ ૧૩૦૦થી વધુ રોજગાર નિમણૂંકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કૃષિરાજ્યમંત્રીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સબળ નેતૃત્વમાં ગુજરાત દેશમાં સૌથી વધુ રોજગારી આપતું રાજ્ય બન્યું છે. આજે રોજગાર દિવસ નિમિત્તે રાજ્યમાં ૬૨ હજાર જેટલા યુવાઓને રોજગાર નિમણૂંકપત્રો એનાયત કરવામાં આવી રહ્યા છે. તેમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે દેશમાં બેરોજગારીનો સૌથી ઓછો દર ગુજરાતમાં છે. દેશના પ્રતિ ૧૦૦૦ વ્યક્તિએ ૫૦ સામે ગુજરાતનો દર ૯ છે. આઈ.ટી.આઈ.થી લઈ ઉચ્ચ શિક્ષણ મેળવેલા તમામ યુવાનોને રોજગારી મળી રહે તેવો રાજ્ય સરકારનો અભિગમ રહ્યો છે. સરકારી નોકરીઓ માટેની વિશાળ તકો ઉપલબ્ધ કરાવવા ઉપરાંત ખાનગી ક્ષેત્રમાં રોજગારી માટે સ્થળ પર જ ઈન્ટરવ્યુ અને નિમણૂંક પત્રો આપવા વ્યાપક પ્રમાણમાં રોજગાર મેળાઓ સહિતની વ્યવસ્થાઓ ઉભી કરી છે.

રોજગારી સર્જન માટે રાજ્ય સરકાર દ્વારા થયેલ કામગીરી અને સિદ્ધિ અંગે વિગતવાર માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતે ઔદ્યોગિક ક્ષેત્રમાં જે વિકાસ હાંસલ કર્યો છે. તેનો સીધો લાભ રાજ્યના યુવાનોને મળી રહ્યો છે. ખાનગી ઉદ્યોગોમાં લાખો યુવાનો માટે રોજગારીની તકો ઉભી થવા પામી છે. હર હાથ કો કામના સુત્રને વરેલી રાજ્ય સરકાર દ્વારા શિક્ષિત બેરોજગાર યુવાન પગભર બને તે માટે મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત ફેક્ટરીમાં કામ કરતાં યુવાનોને સ્ટાઈપેન્ડની ચુકવણી કરવામાં આવે છે. સાથે જ નિયત સમયમર્યાદા બાદ તે જ ફેક્ટરીમાં સ્કિલ્ડ વર્કર તરીકે રોજગારી આપવામાં આવે છે.

યુવાધનને ઉપલબ્ધ રોજગારીની તકોના પાયામાં રાજ્ય સરકાર દ્વારા યુવાનોને ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા ઉપરાંત શિક્ષણ સાથે કૌશલ્યવર્ધન માટે એકલવ્ય શાળાઓ કાર્યરત કરી છે તેમ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું. છેલ્લા ૨૫ વર્ષમાં રોજગારક્ષેત્રે સરકાર દ્વારા ઉભી કરાયેલી તકો વિશે વાત કરતા મંત્રીએ જણાવ્યું હતું કે શિક્ષણક્ષેત્રે ઉત્તમ સુવિધાઓ દ્વારા પોતાની ક્ષમતા અનુસાર વિકાસ સાધવા માટેનું વાતાવરણ અને ત્યારબાદ તેમના શિક્ષણ અને કૌશલ્ય અનુસારની રોજગારી મળી રહે તે પણ સરકાર સુનિશ્ચિત કરે છે. છેલ્લા ૨૫ વર્ષોમાં ભરતીની પ્રક્રિયાઓ અગાઉ ક્યારેય નહોતી તેટલી પારદર્શક અને ઝડપી બની છે અને સમગ્ર પ્રક્રિયામાં લાગવગ કે પૈસાને કોઈ સ્થાન રહ્યું નથી.

ઉલ્લેખનીય છે કે પંચમહાલ જિલ્લામાં રોજગાર કચેરી દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧૭૫ ઔદ્યોગિક રોજગાર ભરતી મેળા યોજી કુલ ૩૧,૫૭૭ ઉમેદવારોને રોજગારીની તકો પૂરી પાડવામાં આવી છે. લશ્કરી ભરતી મેળામાં ઉમેદવાર ઉત્કૃષ્ટ દેખાવ કરી શકે તે માટે વિનામૂલ્યે ૦૫ જેટલી ૩૦ દિવસીય તાલીમ પૂરી પાડવામાં આવી છે. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અને રોજગારી અર્થે માર્ગદર્શન આપવા જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૬૦ સેમિનાર અને ઓનલાઈન વેબિનાર યોજવામાં આવ્યા છે.

## મોરવા(હ) તાલુકાના મોરા માર્કેટીંગયાર્ડની લગડી જમીન APMC ચેરમેન બારોબાર વેચી નાખ્યાની રજુઆત

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના મોરા માર્કેટીંગયાર્ડની સોનાની લગડી જેવી જમીન આવેલી હતી. જે જમીનને સરકારના નિયમો વિરૂદ્ધ જઈને મોરા એ.પી.એમ.સી.ના ચેરમેન દ્વારા બારોબાર વેચાણ કરીને લાખો રૂપીયાનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાથી લોકચર્ચાઓ ચાલી રહી છે. ત્યારે આ જમીન વેચવાના કિસ્સાની તટસ્થ તપાસ થશે ખરી ?

મોરવા(હ) તાલુકાના મોરા માર્કેટીંગયાર્ડની જમીન જે સોનાની લગડી જેવી આવેલી છે. આ જમીનને સરકારના નિયમો વિરૂદ્ધ જઈને એ.પી.એમ.સી. ચેરમેન હરદીપસિંહ જાદવ દ્વારા બારોબાર વેચી નાખીને લાખો રૂપીયાનું કૌભાંડ આચરવામાં આવ્યું છે. આ બાબત મોરવા(હ)માં ચર્ચાનો વિષય બની છે. જો સરકાર હસ્તકની જમીન ખરીદવી કે વેચવી હોય તો સરકાર દ્વારા નિયત કરેલ નિયમોને અનુસરવાના હોય છે. જમીન વેચતા પૂર્વે જે તે વિભાગની પૂર્વ મંજુરી લઈ આ બાબતને માહિતી વિભાગ દ્વારા વર્તમાન પત્રમાં જાહેરાત પ્રસિદ્ધ કરી તેનું જાહેરનામું બહાર પાડી સરકારની મંજુરીથી જાહેર હરાજી કરીને સારી કિંમત સાથે મળે તે રીતે જમીન વેચવાની કાર્યવાહી થતી હોય છે.

જ્યારે મોરા એ.પી.એમ.સી.ની જમીન વેચવામાં સરકારના નિયમો અનુસરવામાં આવ્યા નથી. અને એ.પી.એમ.સી. ચેરમેન હરદીપસિંહ જાદવ દ્વારા સરકારી નિયમોની ઉપરવટ જઈને બારોબાર મોરા ગામના હિતેશભાઈ નટવરલાલ ભોઈને વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે અને સોનાની લગડી જેવી જમીન બારોબાર એ.પી.એમ.સી. ચેરમેને વેચીને લાખો રૂપીયાનું કૌભાંડ આચરેલ છે. તેવી ચર્ચાઓ જોર પકડી છે. એ.પી.એમ.સી.ની જમીન અંગત નાણાંકીય લાભ માટે વેચાણ કરે છે. તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

મોરા એ.પી.એમ.સી. ચેરમેન દ્વારા જે એ.પી.એમ.સી.ની જમીન વેચાણ કરી દેવામાં આવી છે. જે મોટી રકમ થી વેચાણ કરેલ છે અને સરકારી રેકર્ડ ઉપર માત્ર જંત્રી પ્રમાણે રકમ દર્શાવીને ગેરરીતિ કરવામાં આવી છે. આ માર્કેટીંગયાર્ડની જમીન વેચાણ કરવાનું કોઈ ચોકકસ કારણ પણ નથી. તેમ છતાં સરકાર હસ્તકની જમીન બારોબાર આર્થિક ફાયદો મેળવવા વેચાણ કરી છે. તેની તપાસ કરવામાં આવે તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા કલેકટરને રજુઆત થયેલ છે.

## શહેરા તાલુકા પંચાયતના વિરોધપક્ષના નેતાએ RTI એકટ હેઠળ ધારાસભ્યની ગ્રાન્ટની ૨૦૦૭ થી ૨૦૨૧ સુધીની માહિતી માંગતા ખળભળાટ

શહેરા,

શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે વિરોધપક્ષના નેતા જે.બી. સોલંકી એ આર ટી આઇ હેઠળ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ ની વર્ષ ૨૦૦૭થી ૨૦૨૧સુધી ની આવેલ ગ્રાન્ટ ની માહિતી માંગતા રાજકારણમાં ખળભળાટ મચી જવા પામી છે.

શહેરાના વલ્લભપુર ગામ ખાતે રહેતા અને તાલુકા પંચાયતના વિરોધપક્ષના નેતા જે.બી.સોલંકી અને જોગીરાજ ગઢવી સહિતના ઓ તાલુકા પંચાયત કચેરી ખાતે એકત્રીત થયા હતા. વિરોધ પક્ષના નેતા જશવંત સિંહ સોલંકી અને જોગીરાજ ગઢવી સહિતનાઓ એ આસિસ્ટન્ટ ટી.ડી. ઓ તેજસ પટેલ ને રજૂઆત સાથે



તસ્વીર : તુષાર દરજી, શહેરા

ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની ૨૦૦૭ થી લઈને ૨૦૨૧ સુધી આવેલ ગ્રાન્ટ ની માહિતી આર.ટી.આઇ. હેઠળ માંગતા રાજકારણમા ખળભળાટ મચી જવા પામી હતી. શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ વર્ષ ૧૯૯૮થી ૨૦૧૭ સુધીની વિધાન સભાની ચૂંટણી સતત જીતતા આવ્યા છે. પ્રજાજનોને પણ તેમના પર વિશ્વાસ હોવાથી જેઠાભાઇ ભરવાડની જીત થતી આવી છે. જ્યારે વિરોધ પક્ષના નેતા જે.બી.સોલંકી અને જોગીરાજ ગઢવી દ્વારા એવા પણ આક્ષેપ મૂકવામાં આવ્યા છે કે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ ની મિલકત દર વર્ષે વધતી જઈ રહી છે, માત્ર વિકાસ પ્રજાજનો નહી પણ તેમનો થયો છે. જેના કારણે અમારે તેમની માહિતી માગવાની જરૂર પડી છે. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ હાલ પંચામૃત ડેરી ના ચેરમેન પદે પણ છે. રાજકીય ક્ષેત્રે એક તેમનું મોટું નામ હોય ત્યારે વિરોધપક્ષના નેતાએ તેમની માહિતી માંગતા રાજકારણમાં ખળભળાટ મચી જવા પામી છે.




## પંચમહાલ જીલ્લાના માજી સાંસદના પુત્રના ઘરે થી વીજ કંપનીએ વીજ ચોરી ઝડપી દંડ ફટકારતાં મુદ્દો ચર્ચાના એરણે

કાલોલ,

પંચમહાલ જિલ્લાના ભાજપના માજી સાંસદ પ્રભાતસિંહ ચૌહાણના પુત્ર વિજયસિંહના ઘરે મધ્ય ગુજરાત વીજ કંપનીની ટીમે તપાસ કરતા વિજયસિંહ દ્વારા આચરવામાં આવેલી વીજ ચોરી પ્રકરણમાં વીજચોરી સંદર્ભે દંડ ફટકારતા ગોધરા તાલુકાના મહેલોલ મુવાડી ગામે રહેતો પ્રભાતસિંહ ચૌહાણનો પરિવાર ચર્ચાના એરણે ચડ્યો હતો.

ગોધરા સ્થિત મધ્ય ગુજરાત વીજ કંપનીની સર્કલ ઓફિસરની ટીમ દ્વારા આજરોજ મહેલોલની મુવાડી ગામે તથા આસપાસ વિસ્તારમાં વીજચોરી સંદર્ભે ચેકીંગની કામગીરી હાથ ધરી હતી. જે ચેકીંગ કામગીરી દરમ્યાન મહેલોલની મુવાડી ગામે રહેતા અને પંચમહાલના ભાજપના માજી સાંસદ પ્રભાતસિંહ ચૌહાણના રહેણાંક મકાનની બાજુમાં રહેતા તેમના પુત્ર વિજયસિંહના ઘરે પણ તપાસ કરતા વિજયસિંહના ઘરે લગાવેલ મીટરમાં બાયપાસ કનેકશન કરી વીજચોરી આચરવામાં આવી હોવાનું બહાર આવતા સર્કલ ઓફિસર એમ.આર.બારૈયા દ્વારા સદર વીજચોરી સંદર્ભે રૂપિયા એક લાખ પંચાણું હજાર ઉપરાંતનો દંડ ફટકારવામાં આવતા માજી સાંસદ પ્રભાતસિંહ ચૌહાણનો પરિવાર ચર્ચાના એરણે ચઢ્યો હતો. સામાજિક રીતે સારી પ્રતિષ્ઠા ધરાવતા પ્રભાતસિંહ ચૌહાણનો પુત્ર વિજયસિંહ પણ વીજચોરીમાં ઝડપાતા સામાન્ય પ્રજાજનમાં પણ તરેહ તરેહની ચર્ચાએ જોર પકડી છે. એક નામી નેતાના પુત્ર દ્વારા કરાયેલી આવી કરતુત થી ફરી એકવાર ખુદ પ્રભાતસિંહ ચૌહાણની પ્રતિષ્ઠા ખરડાતા નીચું જોવાનો વારો આવ્યો છે.

## ગોધરા ST બસ સ્ટેશનમાં આડેધડ પાર્ક કરતાં વાહન ચાલકો પર પોલીસની મદદથી કાર્યવાહી કરાઈ

ગોધરા,

ગોધરા શહેરના મુખ્ય એસ.ટી.બસ મથક ખાતે ખાનગી વાહનો તેમજ દ્વિચક્રી વાહનોના પ્રવેશ પર નિષેધ ફરમાવવામાં આવ્યો છે.તેમ છતાં વાહનચાલકો દ્વારા પોતાનું વાહન આડેધડ પાર્ક કરતા આવા વાહનચાલકો સામે પોલીસની મદદથી કાર્યવાહી કરવામાં આવી. ગોધરા શહેરની મધ્યમાં આવેલા મુખ્ય એસ.ટી.બસ મથક ખાતે છેલ્લા કેટલાક સમયથી બહાર પાડવામાં આવેલા જાહેરનામાં અનુસાર બસ સ્ટેન્ડ પરિસરમાં દ્વિચક્રી કે અન્ય કોઈ ખાનગી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. તેમ છતાં પણ ગોધરા શહેર ના નાગરિકો તેમજ મુસાફરો બસ સ્ટેન્ડ પરિસરમાં પોતાનું વાહન આડેધડ પાર્ક કરી જતા રહે છે. ત્યારે બસ મથકમાં આવતી એસ.ટી.બસો ને આ વાહનો ને લીધે ખાસ્સી અગવડતા પડે છે અને ક્યારેક અકસ્માત થયાના કિસ્સા પણ સાંભળવા મળે છે. ત્યારે ગોધરા એસ.ટી.બસ સ્ટેન્ડના સત્તાધીશો દ્વારા આ સમસ્યા ના નિરાકરણ માટે ગોધરા શહેર ટ્રાફિક પોલીસની મદદ લેવામાં આવી છે. જેમાં ટ્રાફિક શાખાની વહીકલ ટોઈંગ ક્રેન દ્વારા છેલ્લા બે દિવસ થી બસ સ્ટેન્ડમાં શહેરીજનો તેમજ મુસાફરો દ્વારા આડેધડ પાર્ક કરવામાં આવેલા વાહનો ને ટોઈંગ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે આ અંગે ગોધરા એસ.ટી.વિભાગના નિયામકડીંડોરે જણાવ્યું હતું કે, ગોધરા એસ.ટી.બસ મથક ખાતે દ્વિચક્રી વાહનો માટે પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેમ છતાં કેટલાય મુસાફરો કે બસ મથકે અન્ય કોઈ કામ અર્થે આવનારા લોકો બસ મથકની અંદર જ આડેધડ પોતાનું વાહન પાર્ક કરી ચાલ્યા જાય છે. જેના કારણે અવારનવાર એસ.ટી.બસ ચાલકોને મુશ્કેલી પડે છે અને જેના કારણે નાના મોટા અકસ્માત સર્જાય છે. ત્યારે કેટલાક ટુ વહીલર વાહન ચાલકો દ્વારા પોતાના વાહનને લઈ એસ.ટી.બસ મથકની બહાર આવેલા મુખ્ય માર્ગ થી પસાર થવાના બદલે બસ મથકમાંથી આવન જાવન કરે છે. જેના કારણે પણ ટ્રાફિક ની સમસ્યા વકરે છે. ત્યારે છેલ્લા બે દિવસ થી આ મામલે ગોધરા શહેર ટ્રાફિક પોલીસની મદદ લેવામાં આવી છે અને આવા વાહનચાલકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે એસ.ટી બસ મથકના સત્તાધીશોએ શહેરીજનો ને તેમજ મુસાફરોને વિનંતી કરી છે કે આ પ્રકારની પ્રવૃત્તિ બંધ કરી એસ.ટી. વિભાગ ને સહકાર આપવામાં આવે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કૈઝારભાઇ
હા.સૈફુદ્દીનભાઈ રાવત
મુ. બાર, નવા ફળીયા બાર,
તા. લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રીતેશકુમાર
દેવેન્દ્રકુમાર પાલ
મુ. ઠઠેલા, બસ સ્ટેશન પાસે,
તા. લીમખેડા

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 295